# રાજયના હળપતિ જાતિના ઇસમોને આવાસની સુવિધા પુરી પાડવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : બજટ-૧૦૨૦૧૨-૯૨-નીતિવિષયક-૧૦૧૧૯૮/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૨/૦૪/૨૦૧૨

વંચાણે લીધું :—

૧. પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા.૨/૩/૨૦૦૯
૨. પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૮૧૯/લ, તા.૧૧/૮/૨૦૧૦
3. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રા. વિ. વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૮/૧૭૬/લ, તા.૩૧/૧/૨૦૧૧.
૪. પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રા. વિ. વિભાગના ઠરાવ ક્રમાંક- પરચ-૧૦૨૦૦૯-૮૧૯-લ તા. 30-0૬-૨૦૧૧

પ્રસ્તાવના:

રાજયમાં વિવિધ આવાસ યોજનાઓ ધ્વારા અતિ ગરીબ ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા બીપીએલ કુટુંબોના તમામ લાભાર્થીઓને પોતાનું ઘર મળી રહે તે માટે રાજય સરકાર નિષ્ઠાબધ્ધ છે. ત્યારે સમાજનો છેવાડાનો માનવી જેને આવાસ સુવિધાની જરૂરિયાત છે તે આ લાભથી વંચિત ન રહી જાય તે પણ જરુરી છે. ખાસ કરીને આશ્રય માનવ જાતની મુખ્ય જરુરીયાત છે. તેથી રાજયના સૌથી ગરીબ અને ખરેખર જેને આવાસની જરૂરિયાત છે તેને આવાસ સુવિધા પુરી પાડવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ રહે છે. સમાજના આવા વર્ગ માટે ગ્રામીણ આવાસની સુવિધા ઉપલબ્ધ થાય. તેથી રાજયના જુદા જુદા વિભાગો ધ્વારા આવાસ સુવિધા ઉપલબ્ધ કરવા યોજનાઓ બનાવેલ છે. જેથી ખરેખર આવાસનો લાભ મેળવવાપાત્ર એવા તમામ લાભાર્થીઓને આવાસનો લાભ મળે તે દિશામાં નકકર કાર્યવાહી થઇ શકે.

રાજય સરકાર ધ્વારા ભૂમિહીન હળપતિ મજુરો અને હળપતિ જાતિના ઇસમો માટે પણ રહેઠાણની સુવિધા પુરી પાડવાની યોજના થકી આ વર્ગોનું પોતાનું ઘરનું સ્વપ્ન પૂર્ણ થાય તે માટે નકકર કાર્યવાહી હાથ ધરેલ છે.

હળપતિ ગૃહનિર્માણ યોજના હેઠળ હળપતિ જાતિના ઇસમોને રહેઠાણની સુવિધા પુરી પાડવાની યોજના વર્ષ ૧૯૮૪ થી અમલમાં છે. આ યોજનાનો લાભ હળપતિ, દુબળા, અને તળાવિયા જાતિના લોકો કે જે તમામનો સમાવેશ અનુસૂચિત જનજાતિમાં થાય છે, તેમને મળવાપાત્ર છે.

હળપતિ આવાસન હેઠળ હળપતિ આવાસ બાંધકામો ૧૯૮૪થી બાંધવામાં આવે છે. તા. ૦૧-૦૪-૧૯૮૪થી તા. ૩૧-૦૩-૧૯૯૦ દરમિયાન હળપતિ જાતિના ઇસમો માટે આવા ૬૨૫૯ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ. તેથી, આવાસો અત્યંત જર્જરીત હાલતમાં હોય. જેથી આવા આવાસો નવા બાંધી આપવા જરુરી બનેલ છે.

વર્ષ ૧૯૮૪ થી ૧૯૯૦ના સમયગાળામાં બાંધવામાં આવેલ હળપતિ આવાસોની માત્ર સુધારણા કરવી યોગ્ય રહેશે નહિ કારણ કે આટલા લાંબા સમયગાળા બાદ આવાસો અત્યંત જર્જરીત થઇ ગયા છે. જુદા જુદા જીલ્લાઓમાં આવેલ ૬૨૫૯ આવાસોને તોડીને તેની જગ્યાએ નવા આવાસો પુરી પાડવાની યોજના રહેશે. વધુમાં ૧૭ થી ૨૦ ગુણાંકવાળા બી.પી.એલ. ૧૬૭૨ હળપતિ લાભાર્થી કુટુંબોને આ યોજના હેઠળ આવરી લઇ આવાસ પુરા પાડવાનો રાજય સરકારે નિર્ણય લીધેલ છે.

રાજય સરકાર ધ્વારા જર્જરીત આવાસના સ્થાને સારી ગુણવતાવાળા આવાસ આપવાથી નબળા વર્ગોને પોતાના મકાનની તક આપવી અને આવાસ વિહોણા ૧૭ થી ૨૦ ગુણાંકવાળા બી.પી.એલ. હળપતિ કુટુંબોને આવાસનો લાભ આપી તે ધ્વારા વસ્તીને સ્થિરતા આપવી અને તેમનો વિકાસ અને સામાજીક ઉત્કર્ષ સમગ્ર રાજયની સાથે સાધવો તે ધ્યેય સફળ બનશે.

ઠરાવઃ

કાળજીપૂર્વકની વિચારણાને અંતે તા. ૦૧-૦૪-૧૯૮૪થી તા. ૩૧-૦૩-૧૯૯૦ દરમિયાન હળપતિ જાતિના ઇસમો માટે જે ૬૨૫૯ આવાસોનું બાંધકામ કરવામા; આવેલ છે તેવા અત્યંત જર્જરીત થઇ ગયેલ આવાસોને તોડીને તેને બદલે હાલની નકકી કરેલી યુનિટ કોસ્ટમાં નવા આવાસની સુવિધા ઉપલબ્ધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. તદ્ઉપરાંત ૧૭ થી ૨૦નો ગુણાંક ધરાવતા બીપીએલ આવાસ વિહોણા ૧૬૭૨ હળપતિ લાભાર્થી કુટુંબોને આવાસની સુવિધા ઉપરોકત યુનિટ કોસ્ટમાં પુરી પાડવાનું આથી ઠરાવવામાં આવે છે. આવાસની સુવિધાની સાથોસાથ સ્વર્ણિમ કોલોનીના આધારે આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, વીજળી, પાણી ઇત્યાદી પણ પુરા પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાનો અમલ તા. ૦૧-૦૪-૨૦૧૨ થી કરવાનો રહેશે. અન્ય બાબતો અંગે વંચાણે લીધેલ ૧ થી ૪ના ઠરાવની શરતો યથાવત રહેશે. આ યોજનાના અમલની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જીલ્લા વિકાસ અધિકારીશ્રી અને તે હેઠળના જીલ્લા પંચાયત તંત્રની રહેશે.

આ હુકમો નાણા વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તારીખઃ ૦૨-૦૨-૨૦૧૨..ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એમ.શેખ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,ગાંધીનગર
- સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ